**ક્રિમીનલ કેસ નંબર – ૪૬૧૨/૨૦૨૪**

**<u>આંક–૧ લગત હુકમ</u>**

સદર કામ ફરીયાદીને હાજર થવા પર તથા સરનામુ રજુ કરવા પર હોય તથા આગળની કાર્યવાહી પર ચાલતુ હોય પરંતુ ફરીયાદી કે ફરીયાદ પક્ષ તર્ફે પુરતી તક આપવા છતાં આજ દિન સુધી આ કામે હાજર રહેલા નથી. આ કામે રેકર્ડ જોતાં આ કેસ જુનો હોય અને આજ રોજ આ કામે ફરીયાદી હાજર રહેલ નથી કે આ કામે કોઈ રજુઆત કરેલ નથી.

વધુમાં આ કામે જોઈ એ તો દેખીતી રીતે આ કામના ફરીયાદી ઘણા લાંબા સમયથી હાજર રહેલ ન હોય જેથી ફરીયાદી ને કેસ ચલાવવામાં કોઈ રસ ન હોય તેમ જણાઈ આવે છે. નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતો મુજબ ફરીયાદી ઘણા સમયથી હાજર ન હોય કોઈ પ્રોસીંડીગ્સ કરેલ ન હોય ફરીયાદી ના કસુર ના કારણે તેમની હાલની અરજી રદ્દ કરવાનુ ન્યાયોચીત જણાતુ હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–હુકમ–**

ફરીયાદીની હાલની ફરીયાદ રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીને બિન તહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ ૦૬ મી જૂન, સને ૨૦૨૬ ના રોજ જાહેર કર્યો.

**તા. ૦૬/૦૬/૨૦૨૬**
**અંકલેશ્વર**

**(મિતેષકુમાર કિરીટકુમાર મહેતા)**
**બીજા એડી. ચીફ જ્યુડી. મેજી.,**
**અંકલેશ્વર**
**કોડનં જી.જે. ૦૧૨૨૫**